# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Wendesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- ❖ ચાંદીપુરા વાઇરસના 163 કેસ નોંધાયા. - રોગચાળાને કાબૂમાં લેવા માટે સરકાર દ્વારા ડસ્ટીંગ અને સર્વેલન્સની કામગીરી યુધ્ધના ધોરણે.
- ❖ સ્વત્રંતા દિવસની ઉજવણી માટે રાજ્યભરમાં તૈયારીઓ. - સરકારી અને ઐતિહાસિક ઇમારતો રોશનીથી ઝગમગી ઉઠી...
- ❖ હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં યોજાઇ તિરંગા યાત્રા. - રાજ્યના વિવિધ વિસ્તારો તિરગામય બન્યાં
- ❖ ઉપરવાસમાંથી પાણીની આવક ઘટતા નર્મદા ડેમના ચાર દરવાજા બંધ કરવામાં આવ્યાં. - નદીમાં પાણી છોડવાનું પ્રમાણ ઘટાડાયું
- ❖ હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં ભારે પવન સાથે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું..
- ❖ આજે વિભાજન વિભિષિકા દિવસે વિભાજનની વેદનાને યાદ કરતાં અમદાવાદ સહિતના સ્થળો ઉપર કાર્યક્રમોનુ આયોજન.

-----------------------------------------------------------------------------------------

## CHANDIPURA CASES

**રાજ્યભરમાં ચાંદીપુરા વાઇરસના રોગચાળાને ડામવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે રાજ્યમાં અત્યાર સુધીમાં 163 કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ સાબરકાઠાં અને પંચમહાલમાં 16-16 કેસ નોંધાયેલા છે.**

જ્યારે અત્યાર સુધીમાં પરિક્ષણ માટે મોકલી અપાયેલા શંકાસ્પદ કેસમાંથી 60 કેસ પોઝિટીવ મળેલા છે. ચાંદીપુરા વાઇરસની હાલમાં વિવિધ હોસ્પિટલોમાં છ દર્દીઓ સારવાર લઇ રહ્યાં છે અને સાજા થયેલા 84 દર્દીઓને રજા અપાઇ છે. આ ઉપરાંત 73 દર્દીઓના મોત થયા છે..

રાજ્ય સરકાર દ્વારા દવાનો છંટકાવ, કાચા મકાનોમાં ડસ્ટીંગ અને જ્યાં કેસ મળી આવ્યાં છે તેની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી પણ કરવામાં આવીરહી છે.

---

## SWATANTRA PARV ROSHNI

સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આઝાદીના આ પર્વની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ સહિત રાજ્યભરના ઐતહાસિક સ્થળો, સરકારી ઇમારતો રોશનીથી ઝગમગી રહી છે.

અમદાવાદ શહેરના વિવિધ માર્ગો , પુલો અને અમદાવાદ મહાનગર પાલિકા સહિતની રાજ્ય અને કેન્દ્ર સરકારની ઇમારતો ઉપર રોશની કરવામા આવી છે. જે ગત રાતથી તમામ ઇમારતો ઝળહળી રહી છે.

જ્યારે આઝાદીના પર્વને આવકારવા નડિયાદ સહિત ખેડાવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવામળી રહ્યો છે. સરદાર પટેલની જન્મ ભૂમિમાં દેશભક્તિનો માહોલ જામ્યો છે. શહેરના મુખ્ય માર્ગો અને સરકારી કચેરીઓ રોશનીથી ઝળહળી ઉઠી છે. શહેર જિલ્લાના વિવિધ ધાર્મિક, ઐતિહાસિક સ્થળોને રોશનીથી શણગારવામાં આવ્યા છે.

---

# TRIRANGA YATRA -01

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ સ્થળોએ તિરંગા યાત્રા યોજાઇ રહી છે.

ભરૂચ નગરપાલિકા દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીની ખાસ ઉપસ્થિતિમાં નગરપાલિકાથી આ તિરંગા યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જે શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી. શાળાના બાળકો દેશભક્તિને અનુરૂપ વેશભૂષામાં યાત્રામાં જોડાયા હતા.

ભાવનગરમાં મેયર ભરતભાઈ બારડની અધ્યક્ષતામાં યોજાયેલી તિરંગા યાત્રાને મેયરે એ. વી. કોલેજ ગ્રાઉન્ડ ખાતેથી ફ્લેગ ઓફ કરીને પ્રસ્થાન કરાવ્યું હતું.  જેમાં ધારાસભ્ય સેજલબેન પંડયા સહિત મોટી સંખ્યામાં શહેરીજનો પણ જોડાયા હતા. પાલીતાણા તાલુકાની નવાગામ, નેસડી, મોખડકા, નોઘણવદર અને વડીયા ગામની કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓએ ‘હર ઘર તિરંગા’ અભિયાનની થીમ આધારિત પુલાવ, ભેળ, પૂરી, બરફીની વિવિધ વાનગીઓ બનાવી બાળકોને પીરસી હતી.

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી ખાતે દત્ત મંદિરથી ફૂલનાથ મહાદેવ મંદિર સુધી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ સહિત અંદાજે એક હજારથી વધારે લોકો જોડાયા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં મુળી તાલુકામાં તેજેન્દ્ર પ્રસાદ હાઈસ્કૂલથી માંડવરાયજી મંદિર થઈને તાલુકા પંચાયત મૂળી સુધી “તિરંગા યાત્રા” યોજાઈ હતી.આ તકે બધાને આ યાત્રામાં સ્વયંભુ જોડાઈને “હર ઘર તિરંગા અભિયાન” અન્વયે દરેક ઘર ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

થાનગઢ તાલુકામાં ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં તાલુકા કક્ષાની “તિરંગા યાત્રા” યોજવામાં આવી હતી

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે વિશાળ તિરંગા યાત્રા યોજાઈ હતી. તિરંગા યાત્રાનું મુસ્લિમ સમાજ દ્વારા પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું હતું. તિરંગા યાત્રા દરમિયાન સમગ્ર ગોધરા શહેરમાં આનંદ ઉત્સાહ જોવા મળ્યો હતો.

પાટણ શહેરના એમ.એન. હાઇસ્કુલ ગ્રાઉન્ડ ખાતેથી તિરંગા યાત્રા નીકળી હતી. સાંસદ ભરતસિંહ ડાભી, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન ઠાકોર સહિતના નેતાઓ દ્વારા લીલીઝંડી આપીને તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું આ યાત્રામાં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

જામનગરમાં પણ વિશાળ તિરંગા યાત્રા યોજાઇ હતી જેમાં સાંસદ પૂનમબેન માડમ સહિત આગેવાનો અધિકારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વેરાવળ એસ.ટી. સ્ટેશન ખાતે પણ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં એસ.ટી.નિગમના અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સહભાગી થયાં હતાં. જેમાં એસ.ટી. બસસ્ટેશન ખાતે તિરંગાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

-----------------------------------------------------------------------

## NARMDA DAM

ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના પગલે સરદાર સરોવર ડેમમાં પાણીની આવક સતત વધી રહી હતી. તેમજ ગઇકાલે બે લાખ ક્યુસેક જેટલું પાણી છોડવામાં આવ્યું હતું. નવ દરવાજા ખોલીને ડેમમાંથી આ પાણી છોડાયું હતું. પરંતુ હવે ઉપરવાસમાંથી પાણીની આવકમાં ઘટાડો થતાં ગઇકાલ સાંજથી ડેમના ચાર દરવાજા બંધ કરાયા છે.

હવે 5 દરવાજા ખુલ્લા છે. હાલ 5 દરવાજા 1.45 મીટર ખોલી 50,000 ક્યુસેક અને પાવર હાઉસમાંથી 43,967 ક્યુસેક પાણી છોડાઇ રહ્યું છે. નદીમાં કુલ 93 હજાર 967 ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. જોકે નદીમાં પાણી છોડવાને કારણે નીચાણવાળા વિસ્તારોના ગામડાંઓને સાવચેત કરાયા છે..

- ------------------------------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

- ------------------------------------------------------------------

## WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે આજે  ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા જ્યારે મધ્ય ગુજરાતના છોટાઉદેપુર, વડોદરા, દાહોદ, દક્ષિણ ગુજરાતના નર્મદા, નવસારી ભરૂચ જેવા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ વિસ્તારોમાં 30થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા દર્શાવવામાં આવી છે.

હવામાન વિભાગે આવતીકાલે પણ ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે જ્યારે અન્ય સ્થળોએ ભારે પવન સાથે હળવા અને છુટાછવાયાં વરસાદની શક્યતા દર્શાવી છે.

------------------------------------------------------------------

# VIBHAJAN VIBHISHIKA DIWAS

આજે વિભાજન વિભિષિકા દિવસ છે. 1947માં 14 ઓગષ્ટે અખંડ ભારત બે દેશમાં વહેચાયુ હતુ. આ દિવસને વિભાજન વિભિષિકા દિવસ તરીકે યાદ કરાય છે.. વિભાજન સમયની જે યાતનાઓ અને વેદનાઓ હતી તેને આજની પેઢીની જાણકારી માટે આ દિવસ નિમિત્તે અલગ અલગ કાર્યક્રમો યોજાય છે.

જે અંતર્ગત અમદાવાદ શહેરમાં ભાજપ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે રાજ્યના અન્ય સ્થળોએ પણ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. જ્યારે અમદાવાદના રેલવે સ્ટેશન પર વિભાજનને લગતું એક રેલવે પ્રદર્શન પણ યોજવામાં આવ્યું છે.

--------------------------------------------------------------------

# BK PALANPUR VIBHAJAN VIBHISHIKA DIVAS

બનાસકાંઠાના પાલનપુર ખાતે 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'ની ઉજવણી અંતર્ગત ત્રણ દિવસના સ્મૃતિ પ્રદર્શનનો આજથી પ્રારંભ કરાયો છે. બેન્ક અને શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ દેશનાં બલિદાનીઓને યાદ કરી તેમને સ્મરણાંજલિ અર્પણ કરી હતી. આ સ્મૃતિ પ્રદર્શન આવતીકાલ સુધી સવારે 8 વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા દરમિયાન ખુલ્લું રહેશે.

--------------------------------------------------------------------

# KUTCH ACCIDENT

કચ્છના ભદ્રેશ્વર સ્થિત એક ખાનગી કંપનીમાં લોખંડની ચેનલના શેડ નિર્માણના કામ દરમિયાન દુર્ઘટના સર્જાઇ હતી. શેડ બનાવવા માટે બનાવાયેલો માચડો તૂટી પડતા 18 જેટલા પરપ્રાંતીય મજૂરો ઇજાગ્રસ્ત થયા છે.

જેમાંથી 1 મહિલા કામદારનું મૃત્યુ નિપજ્યું હતું. ઘાયલોની સારવાર આદિપુરની અલગ અલગ ત્રણ ખાનગી હોસ્પિટલમાં ચાલી રહી છે, જેમાં 4 શ્રમિકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. ઘટના અંગે મુન્દ્રા મરીન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

કામકાજ માટે તૈયાર કરાયેલા ઊંચા માંચડા ઉપર મર્યાદા કરતા વધુ સંખ્યામાં શ્રમિકો ચઢી જતા માંચડો તૂટી પડ્યો હોવાનું પ્રથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

-----------------------------------------------------------------------

# BOARD EXAM REPORT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમાની અને ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, સંસ્કૃત મધ્યમાની આખરી સુધારા દર્શાવતો રિપોર્ટ વેબસાઈટ પર અપલૉડ કર્યો છે.

અગાઉ શિક્ષણ બૉર્ડે જૂન-જુલાઈ મહિનામાં લીધેલી પૂરક પરીક્ષાનું પરિણામ 29 જુલાઈએ જાહેર કર્યું હતું. ત્યારબાદ ગુણ ચકાસણી માટે મળેલી અરજીની ચકાસણીની પ્રક્રિયા બાદ આખરી સુધારા દર્શાવતો રિપોર્ટ જાહેર થયો છે.

વિદ્યાર્થીઓ 23મી ઑગસ્ટ સુધી પોતાનો બેઠક નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડ દાખલ કરી સત્તાવાર વેબસાઈટ પરથી ઑનલાઈન રિપોર્ટ ડાઉનલોડ કરી શકશે.

-----------------------------------------------------------------------

# SOI - YOUTH EMPOWERMENT

સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત દ્વારા રાજ્યભરની 230 શાળાના 1 લાખ 20 હજાર 680 વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ અને 12 હજાર 930 ખેલાડીને

વિશેષ તાલીમ અપાઇ છે. તેમ જ રાજ્યકક્ષાના શાળા રમતગમત કાર્યક્રમ હેઠળ રાજ્યના 31 જિલ્લાની 41 શાળામાં 5 હજાર 796 વિદ્યાર્થીને અદ્યતન તાલીમ આપવામાં આવી છે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે. રાજ્યમાં સ્ટૂડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પૉલિસી 2 પૉઇન્ટ ઓ હેઠળ કૌશલ્ય વર્ધન કેન્દ્ર તરફથી યુવાનોને ઉદ્યોગ-સંબંધિત તાલીમ પૂરી પાડવામાં આવે છે.

---

## SAGARKANTHA VISTAR PARIBHRAMAN KARYAKRAM

રાજ્યના યુવાનો માટે આગામી ઑક્ટોબર મહિનામાં અમરેલી, આણંદ અને જામનગર ખાતે 10 દિવસનો સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે. ઈચ્છુક યુવાનોએ 31મી ઑગસ્ટ સુધીમાં પોતાની અરજી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતે મોકલવાની રહેશે.

કાર્યક્રમ દરમિયાન યુવાનો જુદા-જુદા વિસ્તારો, દરિયાઈ સંપત્તિ, ઉદ્યોગો તથા સાગરકાંઠે વસવાટ કરતા નાગરિકોનું લોકજીવન, મુશ્કેલીઓ, તેમની કલા અને સંસ્કૃતિનો પ્રત્યક્ષ અનુભવ કરી શકશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 15થી 35 વયના યુવાનો ભાગ લઈ શકશે. ઑક્ટોબર મહિનામાં અનુસૂચિત જાતિના 100 યુવાનો માટે અમરેલી, અનુસૂચિત જનજાતિના 100 યુવાનો માટે આણંદ તેમ જ અન્ય 100 યુવાનો માટે જામનગર જિલ્લા ખાતે આ કાર્યક્રમ યોજાશે.

પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલા યુવાનો જ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે અને તેમને તેઓની પસંદગી અંગે ટેલિફોનિક જાણ કરાશે.

---

# Vande bharat –LTC

રાજ્ય સરકારે કર્મચારીઓને એલ.ટી.સી/વતન પ્રવાસ હેતુ માટે વંદે ભારત ટ્રેનના પ્રવાસને માન્યતા આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્મચારીઓના વ્યાપક હિતમાં એલ.ટી.સી. બ્લોક-૨૦૨૦-૨૩ની શરૂઆતથી રજા પ્રવાસ રાહત માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીનો પણ સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારનાં પાંચ લાખ કર્મચારીઓને આ નિર્ણયનો લાભ મળશે.

રાજ્ય સરકારના કર્મચારીઓને દર ચાર વર્ષે એલ.ટી.સી/વતન પ્રવાસનો લાભ ૬૦૦૦ કિ.મી. ની મર્યાદામાં આપવામાં આવે છે. પ્રવાસ અન્વયે ટ્રેન દ્વારા મુસાફરી કરવામાં આવતી હોય છે. ભારતીય રેલવે દ્વારા આધુનિક સુવિધા સાથેની વંદે ભારત ટ્રેન શરૂ કરાઇ છે. કર્મચારીઓ દ્વારા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવા મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ આ નિર્ણય લેવાયો હતો.

---------------------------------------------------------------------

# VERAVAL POLICE TERA TUJHKO ARPAN

ગીરસોમનાથમાં વેરાવળ સર્વેલન્સ સ્ક્વોડે “તેરા તુઝ કો અર્પણ” ઝુંબેશ અંતર્ગત ખોવાઈ ગયેલા 45 હજાર 696 રૂપિયાની કિંમતના મોબાઈલ ફોન તેના મૂળ માલિકને પરત કર્યા છે. પોલીસ કર્મચારીઓએ આધુનિક તકનીકનો ઉપયોગ કરી વિવિધ જિલ્લામાં રહેતા લોકોને તેમના મોબાઈલ ફોન પરત અપાવ્યા છે.

---------------------------------------------------------------------